Sarth E- Journal

Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.3 No.18

Impact Factor
Quarterly
Jan-Feb-Marc2018

## પહેલા પ્રશિષ્ટ ગદ્યકાર : ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

ડૉ. હરીશ પારેખ

"વય તેમ જ ગુણવત્તા પરત્વે ગોવર્ધનરામ (૧૮૫૫-૧૯૦૭) સાક્ષરપેઢીના અગ્રણી હતા. સર્જન, ચિંતન, મનન, પર્યેષણ અને કર્તવ્યભાનની દૃષ્ટિએ જોઈએ તો ગોવર્ધનરામ પંડિતયુગનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરે છે. લખાણની સર્જકતા અને વિપુલતા, ઉચ્ચગ્રાહિતા તથા ચિરંજીવ પ્રભાવકતા તેમને યુગંધર તરીકે સ્થાપે છે. ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર'કારનું સ્થાન તે કારણે અદ્યાપિપર્યંત અદ્વિતીય રહ્યું છે.".....૧

"હું બોલ્યા વગર જોઇ શકું છું , કાને સાંભળેલું મનમાં રાખી શકું છું,જાતે રંગાયા વિના સૌ રંગ જોઈ શકું છું." જાતને રંગ લાવવા દીધા વિના જગતજોવાની સ્થિતિ સ્થિતપ્રજ્ઞની છે.સંયમી પુરૂષની છે, સંતની છે.સાહિત્યકારો થવાપાછળની ભૂમિકા રંગો જોવાની પણ છે. પરંતુ ઘણા સાહિત્યકારો રંગાયા વિનાભણ્યા છે. પુરાણગ્રંથોમાં સાહિત્યકારોને દ્રષ્ટા' નું બિરુદ પણ મળ્યું છે. આવા જસાહિત્ય-સંત ગાવર્ધનરામની આજે વાત કરવી છે.

ગોવર્ધન રામ ત્રિપાઠીનો જન્મદિન ૨૦-૧૦-૧૮૫૫ ના વિજયાદશમીના દિવસેગોવર્ધનનો જન્મ થયો હતો. મુંબઇ જવા માટે તે સમયમાં નડિયાદથી સુરત પગરસ્તેગાડામાં બેસીને જવું પડતું તે ઓગણીસમી સદીમાં આ સાહિત્યકાર જન્મેલા. એજમાનામાં દિવાસળી સળગાવી દીવો કરવો તે પણ વૈભવનું લક્ષણ ગણાતું, ત્યારેસંધ્યાકાળ પછી જયારે દીવો કરવાનો વખત થાય ત્યારે વડનગરા જ્ઞાતિના કેટલાંકકુટુંબો ગોવર્ધનરામના ઘેર જઇ દીવો કરતાં એટલું સમૃધ્ધ કુટુંબ તેમનું ખરૂં.

ઈ. સ. ૧૯૦૦માં સ્ક્રેપબૂકમાં કરેલી એક નોંધમાં તેઓ કહે છે :"દેશસમસ્તને શિર વાદળ ફરે છે. તેમાં પોતાની બાબતમાં વિશ્વાસ અને આશા રાખવી એ મૂર્ખતાની અહંકૃતિ જેવું જ લાગે છે. સર્વથા ઈશ્વર જગતનું જે કલ્યાણ ધારે તે જ કલ્યાણ છે, ને એ જ જ્યારે ગતનું અહિત કરે ત્યારે એ કલ્યાણ પાકું કરવાને આ અહિત મીરાંને

રાણાએ મોકલેલા ઝેરના પ્યાલાની પેઠે સ્વીકારી લેવું; એટલે તેનો પ્રતિકાર કરવાનો ધર્મ ને ધર્મ કરવાની શક્તિ જ ન હોય તો તે અહિત માટે તૈયાર થવું ને વેઠી લેવું, એ જ ઈશ્વરની ઇચ્છાને શરણ થવાનો રસ્તો છે." ....૨

ગોવર્ધનરામ "સરસ્વતીચંદ્ર, નવલકથામાં નાયકને ઘર ત્યાગ કરતો દશવેછે. જાણે કે નાયક સરસ્વતીચંદ્ર ના પાત્રમાં જ ગોવર્ધનરામ દેખાયા કરે છે. મૂળમાં જત્યાગની વૃતિ તેથી બધુંછોડવું ગોવર્ધનરામ માટે સહેલું થઈ પડેલું ભાગવૃતિ નિરંતરજળવાઈ રહે તે પણ એક આધ્યાત્મિક પ્રાપ્તિ જ હતી.

"ભાવનાના અદ્વિતીય મહિમ્નસ્તોત્રરૂપ સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામની અમર સાહિત્યકૃતિ છે, ગુજરાતી સાહિત્યનું સર્વોચ્ચ કીર્તિશિખર છે અને ભારતીય સંસ્કૃતિની વાસ્તવિક છતાં ભવ્યોજ્વલ મહાકથા છે."....૩

ગોવર્ધનરામના કુટુંબમાંસંન્યાસની વૃતિ જાણે કે વારસાગત હતી.ગોવર્ધમરામના પ્રપિતામહ મોહનરામના ભાઈપ્રભુરામના પુત્ર બાળકૃષ્ણ કુટુંબનો ત્યાગ કરી ગિરનાર પર જઇને રહયાહતા.ગોવર્ધનરામના પ્રપિતામહ ધીરજરામના મોટાભાઇ પણ સંન્યાસી થયા હતા. આમમૂળમાં જ સંસ્કાર ત્યાગના. તેથી દુનિયામાં સહેલાઈથી મળી જતી વસ્તુઓ એમણે નહોસ્વીકારેલી અને ત્યાગનો માર્ગ અપનાવેલો. ત્યાગમાં સદાય તત્પરતા અને રાગમાંસંયમએ ગોવર્થધનરામના લક્ષણો હતા.જગતને જોવાની, માણવાની પામવાની એમનીદ્રષ્ટિ આગવી હતી. સરસ્વતીચંદ્ર ના ઉદ્દગારમાં જ જાણે એમનું માનસ છતું થાય છે.એમની માતાના કેટલાક સંસ્કારો ગોવર્ધનીય છાપ ઉભી કરવામાં મહત્વનાહતા. જે જમાનામાં સ્ત્રીઓ ઘરની બહાર પણ એકલી બહું નીકળી શકતી નહો એવાએ સમયમાં પણ ગોવર્ધનરામનાં માતૃશ્ની તરવાની કળામાં ખૂબ પાવરઘા હતા.ઊંચાઝાડ પરથી ભૂસકો મારી નડિયાદનું તળાવ આખું તરી જવું એમને મન રમત જેવુ હતું. આવા સાહિત્ય-ખંતીલા અને હિંમતવાન મહિલા એમને માતા તરીકેમળેલા. પણ ગોવર્ધનરામ જન્મ સમયે થોડા માંદલા તેથી માતાએ એક બાઈના'તગડા' બાળક સાથે બદલવાની ચેષ્ટા કરી હતી. પરંતુ બાળકની માતાએ નાપાડતાં બધી વાત અટકી પડેલી. "માંદલા' બાળક ગોવર્ધનરમ છ વર્ષની વયમાં જ"ચમત્કાર" બતાવેલા.ચોપાઈમાં ગોવર્ધનીય છાપ અવિરત અંકાતી ગઇ. ગોવર્ધનરામનોવિવાહ પણ અસાધારણ સંજોગોને લીધે થયો હતો. વિચિત્રતા તો એવી કે વિવાહતો થયો તે વખતે બેમાંથી કોઈ જન્મ્યું નહોતું.હરિલક્ષ્મી સાથે વિવાહ તો થયોપરતુ દાંપત્ય સુખ ઝાઝું ટક્યું નહી. ઈ.સ. ૧૮૪૪ માં હરિલક્ષ્મી મરણ પામ્યા.સુવાવળમાં બાળકોને જન્મ આપી અનંતની યાત્રાએ ઉપડી ગયા. પાછળ બાળકો પણગઇ. આઘાતજનક '"હ્રધરૂદિણશતક' નામના કાવ્યની રચના થઈ જે પાછળથી'સ્નેહમુદ્રા' કાવ્યસંગ્રહ તરીકે પ્રસિધ્ધ પામે છે.

આ 'સ્નેહમુદ્રા'માં ગોવર્ધનીય સ્નેહદષ્ટિ સુપેરે વ્યકત થાય છે. જેમાંપ્રેમ એટલે "અમુક સ્ત્રી પુરૂષના યોગે ઉત્પન્ન થતી લાગણીઓની ગરીબીઓ નહો.પણ ઉંચ્ય પ્રેમ જેનો સંસ્કાર લાગવો જં દુર્લભ અને જેનો અનુભવ થવો આમૃત્યુલોકમાં અમરત્વ છે." એવી વિચારણા પ્રેમની દીર્ઘ અને સૂક્ષ્મ દૃષ્ટિ વ્યક્ત થતીજોઈ શકાય છે. રસ એકય વિણ નહો મિત્રતા એવા વિધાનમાં પણ જીવનનીવાસ્તવિકતાઓ અને હાદયગત ભાવનાઓની ગઝલ જોવા મળે છે.કોઈની નોકરી જીંદગીભર નહી કરું એવી આકરી પ્રતિજ્ઞા લેનારગોવર્ધનરામની સંકલ્પ યાત્રા પણ ટ્રઢઢ છે. ઘણા વર્ષે પછી નિષ્ફળતા મળતાએલ.એલ.બી. ની પરીક્ષામાં પાસ થવું એવો સંકલ્પ સકળ થાય છે.ચાલીસમાં વર્ષેઘીકતો વકોલાતનો ધંધો છોડો સાહિત્ય ચરણે જવાનો સંકલ્પ કાચા પોચાનું કામ નથી.

ગોવર્ધનરામ જેવા સાહિત્ય સાધકની તો વાત જ જુદો હતી. છેલ્લા વર્ષોનામંદવાડમાં (બીમારી) માં પણ શબ્દને વળગી 'વાંચક' ની ફીકર કરે તેવી સાહિત્યઝંખના એમની પ્રતિભાની વધુ એક છબી છે.આ સાહિત્યકારે જીવનની વાસ્તકિતાઓને કાલ્પનીક ઓપ આપીસરસ્વતીચંદ્ર: ના પાને પાને 'જીવન' છતું કરી બતાવ્યું છે. બે હજાર

જેટલા પાનસુધી નવકકથા ચાલે અને પૌરાણિક ગ્રંથોનો , શ્લોકોનો , સાહિત્યનો રસનિયોડ આપેએ મોટી વાત હતી.

"'સરસ્વતીચંદ્ર' વાસ્તવિક જીવનને નિરૂપતી પહેલી શિષ્ટ ગુજરાતી નવલકથા છે. એમાં ઓગણીસમી સદીના ભારતના ધાર્મિક, સામાજિક અને રાજકીય મહાપ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી ગવેષણાં છે, જે તત્કાલીન જ નહીં પણ પછીની અનેક પેઢીઓને વર્ષો સુધી સાંસ્કૃતિક માર્ગદર્શન આપે તેવી નક્કર ભૂમિકા પર બંધાયેલી છે. તેમાં સંસ્કૃત મહાકાવ્યોની કલ્પનાસમૃદ્ધિ છે, તેમ અંગ્રેજી સાહિત્યની રંગપ્રધાનતા પણ છે."…..૪

જયારે ગુજરાતી નવલકથા પગપર થવા મથામણ કરતી હોય ત્યારે એને મજબુતાઇસાથે પ્રસ્થાપિત કરવાનું કામ આ સાક્ષરને હાથે થાય છે. તે જમાનામાં જયારેસરસ્વતીચંદ્ર લાખાઈ-લોકોને વાંચી ત્યારે આ ગ્રંથ વ્યકિતગ્રંથ, કુટુંબગ્રંથ, સમાજગ્રંથ,યુગગ્રંથ અને વિશ્વગ્રંથ બન્યો. જીવનના ધર્મ ,અર્થ ,કામ , મોક્ષ, જેવા યાર પાયારૂપસાધ્યના પડછાયા જ નહો , જીવતા ચરિત્રો દશાવ્યા, તે જમાનામાં યુવાન-યુવતીઓ
પોતાની હ્યાદયગત પ્રેમ૦અભિવ્યક્તિ માટે સરસ્વતીચંદ્ર-કુમુદનાં અવતરણો ટાંકે:

"સુખી હુ તેથી કોને શું, દુઃખી હુ તેથી કોને શું?<br>
જગતમાં કઇ પડયા જીવ , સુખી કંઇ, દુઃખી કંઈક"….૫

સુખ દુઃખની જ નહો સફળતાની અને જન્મ-મરણની ફિલસૂફો અહો જોવા મળ.મર્યાદાઓના અઢળક ગાન વિવેચકો દ્વારા થતા છતાં આ નવલકથાની પ્રસિદ્ધિમાંઓટ આવી નથી.કોઈ દીકરો ઘર છોડી જાય ત્યારે પોતાના બાપને "મારા જવાથીઆપના રોષનું કારણ જતું રહેશે કે તમારું ઘન આજથી મારા માટે શિવ નિમાલ્યછે."…૬ એવા અવતરણો કિલમી ઢબે લખતા ત્યારે તે સરસ્વતીચંદ્રની જ છાપ છે.

"મારો પ્રાંત અવલ દરજજાનાં પ્રતિભાવંતોથી વંચિત રહે એ અલબત મને અકળાવે છે. એકાદ ગોવર્થનરામનું સ્થાનેય અધી સદી સુધી ખાલી પડયું રહે એ અસહયછે. કારણ કે પ્રતિભાવંતોને અભાવે સામાનન્યોમાં વમણાં આદર્શની પૂજા પેસી જાય."…૭ ટાગોર નહી હોય તો ચાલશે પણ ગુજરાતના ટીબે ગોવર્ધનરામ જોઇશે.સ્વામિઓ વિનાની ગુજરાત સેંકડોને પ્રસવ્યા છતાંય વાંઝણી કહેવાય એવું ઉમાશંકરપણ કહેતા.

## સંદર્ભ


1. પૃ. ૭, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા -૩, ધીરુભાઈ ઠાકર, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
2. પૃ. ૪૫ ક્રેપબુક, ગોવર્ધનરામ ત્રિપાઠી, એમ.એમ. સાહિત્ય, મુંબઈ
3. પૃ. ૧૧, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા -૩, ધીરુભાઈ ઠાકર, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
4. પૃ. ૧૪, ગુજરાતી સાહિત્યની વિકાસરેખા -૩, ધીરુભાઈ ઠાકર, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ
5. પૃ. ૧૧૦,'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામ ત્રિપાઠી
6. પૃ. ૧૧૭ ,'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામ ત્રિપાઠી
7. પૃ. ૧૪૦,'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામ ત્રિપાઠી